ગાંધીનગર સમાચાર


## જન્મદિને વધામણી



**અરૂણાબેન ગજ્જર**
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ કારોબારી સભ્ય, જ્યોતિ મહિલા મંડળ, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ મો. ૯૭૨૬૯ ૭૮૮૦૪




**જયંતકુમાર ભટ્ટ**
પ્રમુખ, ગાંધીનગર શહેરીજન સંસ્થા અને નિવૃત્ત અધિકારી મંડળ, સે. ૭ડી સ્થાપક, ટ્રસ્ટી અને કાર્યકારી પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ઉપપ્રમુખ, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ



**દીપકભાઈ આર દવે**
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા



**હસુમતી બચુભાઈ સુરતી**
ફોન : ૨૩૨૨૪૩૩૫



**રમણલાલ પુરૂષોત્તમદાસ પંચાલ**
મો. ૯૮૯૮૬ ૮૯૩૮૯



**અમીત સી દવે**
મો. ૯૦૯૯૦ ૯૧૨૮૧



**ગણેશ કે ગાંગડિયા**
મો. ૮૭૩૫૮ ૩૨૪૭૨



**હફસા ફારૂક બ્લોચ**
મો. ૯૭૨૫૨ ૦૩૪૩૯







અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે બુધવારે એક જ દિવસે ત્રિવિદ પ્રવૃત્તિઓનો ધમધમાટ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીનીઓને પ્રાથમિક સારવારની જાણકારી મળી રહે તે હેતુસર ૧૦૮ની ટીમ દ્વારા પોતાના દ્વારા અપાતી સેવાઓનું નિદર્શન યોજવામાં આવ્યું હતું, જેનો લાભ કૉલેજની સઘળી વિદ્યાર્થીનીઓએ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન પ્રા. સોનલ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

કૉલેજની ઍનઍસઍસની વિદ્યાર્થીનીઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. ઊર્મીલાબેન ચૌધરીએ દરેક વિદ્યાર્થીનીને વૃક્ષોનું જતન કરવાના શપથ લેવડાવ્યા હતા. કૉલેજ ખાતે વિદ્યાર્થીનીઓને 'કૅબિન ક્રૂ' અંગે વિશદ માહિતી મળી રહે તે હેતુથી એક સૅમિનારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ઍટલાન્ટીક ટ્રેઈનીંગ ઈન્સ્ટીટ્યુટના ટ્રેઈનર ધર્મેન્દ્ર ડામોર દ્વારા વિદ્યાર્થીનીઓને 'કૅબિન ક્રૂ' એટલે શું, તેની વિશેષતા, તેના અભ્યાસ અને તેના માટેની યોગ્યતા અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ક્ષેત્રમાં રહેલી ઉજળી તકો વિશે પણ તેમણે વિદ્યાર્થીનીઓને અવગત કરાવી હતી.

કૉલેજના પ્લેસમૅન્ટ સૅલ દ્વારા આ સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સૅલના ડૉ. નરેન્દ્ર કે પટેલ અને પ્રા. સોનલ મોદી દ્વારા કાર્યક્રમનું આયોજન, સંકલન કરાયું હતું.

## શાહપુર પ્રાથમિક શાળામાં ક્લસ્ટર કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા. ૮

શાહપુર પ્રાથમિક શાળામાં બુધવારે જીસીઈઆરટી પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર આયોજિત લવારપુર સીઆરસી કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં ક્લસ્ચરની પાંચ શાળાઓનાં દસ બાળ વૈજ્ઞાનિકોએ વિવિધ મૉડેલ રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવા ગામના સરપંચ, કૃષ્ણ ગૃપ માધ્યમિક શાળાના આચાર્ય, શાળા કમિટીના અધ્યક્ષ, ક્લસ્ટરની તમામ શાળાઓના આચાર્યો, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. બીટ કેળવણી નિરીક્ષક હર્ષદભાઈ પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ભાગ લેનારા તમામ બાળકોને ગ્રામજનોના સહકારથી ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું અને વિજેતા બાળ વૈજ્ઞાનિકોને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યા હતાં.

ઉપરાંત ભાગ લેનારી દરેક શાળાને વિજ્ઞાન પ્રદર્શન શિલ્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ બાળકોને શિક્ષણની સાથે-સાથે આજના બદલાતાયુગમાં વિજ્ઞાન અને ટૅકનોલૉજીનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે બાળકોને પોતાનાં કૌશલ્યને વિકસાવતા આ પ્રકારના મૉડેલ બનાવી ભવિષ્યમાં એક સારા વૈજ્ઞાનિક બની શકાય છે, તેમ સમજાવ્યું હતું. તેમણે ભાગ લેનારા તમામ બાળ વૈજ્ઞાનિકોની કળાને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તેમણે પ્રદર્શનને સફળ બનાવનાર તેમજ ભોજન પૂરું પાડનાર અને ઈનામ દ્વારા લોકો સહકાર આપનાર તમામનો આભાર માન્યો હતો.



એસ જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં તા-૭-૦૯-૨૦૧૬ ને ગુરુવારના રોજ ધોરણ-૫થી ૮ના વિધ્યાર્થીઓ માટે બાળકોમાં ગ્રાહક સુરક્ષા અંગે જાગૃતિ આવે તે હેતુથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. નાથીબા કોલેજના હોલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં ગ્રાહક સુરક્ષા જાગૃતિ અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું . ગાંધીનગર સિવિલ કોર્ટના એડ્વોકેટ શ્રી કુંદન વી.રાઠોડ એ ગ્રાહક સુરક્ષા જાગૃતિ અંગેની સમગ્ર માહિતી આપી હતી . ગ્રાહકના અધિકાર,ફરજો,વસ્તુ લેવા જઈએ ત્યારે શી કાળજી લેવી જોઈએ તેમજ ગેરંટી,વોરંટીની સંકલ્પના પાવર પોઈન્ટ પ્રેજન્ટેશન ,વિડિયો તેમજ મૌખિક રીતે માહિતી આપી હતી.તેમજ ત્યારબાદ ગ્રાહક જાગૃતિ અંગેની બાળકોમાં પ્રશ્નોતરી પણ થઈ હતી. આ કાર્યક્રમનું ઍંકરિંગ અદિતિ મેડમે અને નિશા મેડમે કર્યું હતું તેમજ આ સ્પર્ધાનું સંચાલન સુખરામ ચૌધરી અને દિવ્યા પંડ્યાએ કર્યું હતું.આ કાર્યક્રમ આચાર્યા મિલી મેડમના માર્ગદર્શન હેઠળ સફળ રહ્યો હતો.

## બસ બહુ થયું, હવે પ્લાસ્ટિક નહીં



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સંસ્થાના પશ્ચિમ જોનના પ્રોવિન્શિયલ સુપિરિયર સિસ્ટર નિર્મલિની એ.સી. નિર્દેશીત શાળાએ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન "નકામા પ્લાસ્ટિકનું વ્યવસ્થાપન" પ્રોજેક્ટ હાથ ધરેલ છે. તે અંતર્ગત વર્ષ દરમિયાન વિવિધ પ્રકારે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો અને પ્રદુષણ રહિત વાતાવરણ તેમજ તંદુરસ્ત સમાજ-નિર્માણમાં ઉત્તરોત્તર વધારો થતો જાય તે પ્રકારની વિવિધ સહઅભ્યાસિક પ્રવૃતિઓ બાળકો દ્વારા હાથ ધરાઈ છે. ધોરણ ૯ ના વિદ્યાર્થીઓએ વિવિધ મૉડલ તૈયાર કર્યા હતા. પ્લાસ્ટિક બૉટલમાંથી હિંડોળો, ટોર્ચ, ફ્લાવરવાઝ, સ્માર્ટસીટી, પ્લાસ્ટિકની બેગ-કોથળી એકત્રિત કરી તેને વિવિધ આકારમાં બાંધી અને ઉપર કાગળનો માવો લગાવી સુંદર રીતે રંગકામ કરીને તેમાંથી કાચબો, સસલું જેવા પ્રાણીઓ પણ તૈયાર કર્યા છે.

વિજ્ઞાન શિક્ષકના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય અભિયાન 'સ્વચ્છ ભારત'ના નિર્માણના એક ભાગ રૂપે થયેલ આ પ્રવૃતિ બાળકોમાં પણ જાગરૂકતા પ્રેરે છે.

## નાથીબા કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૮

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં સ્વયં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર કોલેજનું શૈક્ષણિક તેમજ વહીવટી કાર્ય કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. શિક્ષકદિનની સ્પર્ધાના નિર્ણાયક તરીકે એસ.એચ. પટેલ બી.એડ કોલેજના પ્રા. શ્વેતામ્બરી પરમાર અને આચાર્ય ડૉ. જીજ્ઞાસાબેન જોષીએ સેવાઓ પુરી પાડી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના આચર્યા ડૉ. અમ્રિતાબેન પટેલ તથા ઉપાચાર્ય ડૉ. પ્રણવભાઈ જોષીપુરાએ સહયોગ પુરો પાડયો હતો. આ દિવસના કોલેજના આચાર્ય તરીકે કુમારી હેતલ રાઠોડ તથા ઉપાચાર્ય તરીકે કુમારી એકતાએ ફરજ બજાવી હતી. આ કાર્યક્રમનું આયોજન શિક્ષણદિન સમિતિ સભ્યો પ્રો. હરિતભાઈ પટેલ પ્રા. પાયલબેન પંડયા તથા પ્રો. રાકેશભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.



નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળા ખાતે સી.આર.સી. કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સી.આર.સી. કક્ષાની સાત પ્રાથમિક શાળાઓમાંથી બાલ વૈજ્ઞાનિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ અનેકવિધ કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રદર્શન મેળામાં રંગ જયોત હાઈસ્કૂલના શિક્ષકો દ્વારા નિર્ણાયક તરીકે સવાઓ આપવામાં આવી હતી.



મને લાગે છે કે યોગ્ય સમયે ખોટું કામ કરવું એ જીવનની ઘણી વિડંબનાઓમાંથી એક છે.
-ચાર્લી ચૅપ્લીન

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાર બાર દેખો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
એક કહાની જુલી કી (એ)
૧૦.૦૦, ૧૨.૩૦
રોંગ સાઈડ રાજુ (ગુજરાતી)
૬.૩૦
તુ તો ગયો (ગુજરાતી)
૩.૩૦. ૯.૩૦

**સ્ક્રીન-૫**
બાર બાર દેખો
સવારે ૧૦.૦૦
અકિરા
૧.૦૦, ૭.૦૦
ફિકી અલી
૪.૦૦, ૧૦.૦૦

# સડક દુર્ઘટનાઓ કાયદા સુધારણાથી ઘટે કે જનજાગૃતિથી ?




જીવન એક મજાની સફર છે જ્યાં મુસાફરી ફરજિયાત છે અને મંઝીલ નજીક જ હોય છતાં ખબર નથી કે સફરમાંથી કોણ, ક્યારે અને કઈ રીતે જુદા થઈ જશે ? દરેકને જીવન જીવવું ઈષ્ટ લાગે છે એ પ્રકારની વિશ્વકર્માની રચના અને પૃથ્વી ઉપરનું જીવન છે, પરંતુ સાથે મળીને ઈશ્વરીય કૃતિને બધાએ પ્રતિદિન વિકૃતિનો પ્રસાદ ધરાવ્યો છે, પર્યાવરણ પારાવાર બગડી ગયું, અસંતુલિત અને આપત્તિકારક થઈ ગયું હોવા છતાં વિકસિત રાષ્ટ્રો જ વધુ ઉમેરો કરતા જણાય છે. વર્ષા, ઠંડી કે ગરમીના વર્ષો જૂના માળખામાં અનિયમિતતા અને અતિરેકપણું આવી જ ગયું છે છતાં સભ્ય માનવ-સમાજ કશું નક્કર ફળદાયી કાર્ય કરતો નથી. વિકાસનાં સ્વપ્ન પાછળ દોડ્યા જ કરવાથી વાસ્તવમાં વિનાશગતિ નોતરી રહ્યા હોઈએ એવું નથી લાગતું ? બધાનાં અરમાનો શાહી અને સશક્ત છે અને કડવી હકીકત છે એ છે જમીન ઉપર પુષ્કળ પ્રકારના માનવસર્જીત પ્રશ્નો છે, જે સ્વપ્નોને તોડી નાખે છે અને હવે તો પૃથ્વીનું અસ્તિત્વ પણ ખતરામાં આવી ગયું છે ! નિજી સ્વાર્થથી આખું વિશ્વ પરેશાનીના માહોલમાં આવી ગયું છે. એ નિજી સ્વાર્થ બધા પ્રકારના છે : ઉગ્રવાદ પણ એમાં સામેલછે. સફરમાં રસ્તા અને મુકામ આવે. માત્ર અવકાશ યાત્રા અને પ્રેમના માર્ગે માઈલસ્ટોન આવતા નથી.



સડક ઉપરના અકસ્માતો પ્રતિદિન વધતા જાય છે કારણ કે વધતી વસતી સામે નવાં વાહનો વધી રહ્યાં છે. જૂના પુલ વહેલા તૂટી રહ્યા છે. સડક દુર્ઘટનામાં મરણ પામતા માનવીઓ વધતા જાય છે. ૨૦૧૪-૧૫ના આંકડાઓ તાજેતરમાં જાહેર થયા તે મુજબ રોજ ૪૦૦ લોકો આ પ્રકારની ઘટનાઓમાં મરી જાય છે. રસ્તાની સુધારણામાં નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયાની સ્થાપના બાદ સ્થિતિ અવશ્ય સુધરી છે પરંતુ અકસ્માતો કમ થઈ રહ્યા નથી. હાલમાં પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કાયદાની સુધારણાનું બિલ પાસ કરાવ્યું જેમાં ઘણા પ્રકારના નવા સુધારા કર્યા, દંડની રકમ ગુનાઓના પ્રમાણમાં ઘણી વધારી પરંતુ આ બધું પર્યાપ્ત છે ખરું ?

રસ્તે જતા વિવિધ વાહનોની મોજણી કરવામાં આવે તો ખબર પડે કે જેનું નિર્ધારિત આયુષ્ય પૂરું થઈ ગયું છે તેવાં વાહનો રસ્તે દોડતા જ રહે છે, જેમાં નિગમોની બસ પણ આવી જાય છે. બીજું ભારે વાહન ચલાવનારા દિવસો સુધી પરિવારથી દૂર રહીને સફર કરવામાં હતાશ, નિરાશ થઈ સ્થિતિ ભૂલવા નશાબાજ થઈ જાય છે, જો નશો નથી તો ડ્રાઈવિંગ પણ થતું નથી. ત્રીજું, ઓવરલોડિંગ વાહનોને લઈ જનારાઓને કાનૂનનો ભય કે ડર નથી અથવા એ બીજાને પણ હાનિ કરશે તેવું સમજવા માટે માનસિકતા ધરાવતા નથી.

ચોથું, સડક ઉપરના અધિકૃત કાનૂનનું ધ્યાન રાખનારાઓ પણ ઘણીવાર વહીવટી બબાલથી કામ કરે છે પરંતુ લોકોની સુરક્ષાને કેન્દ્રબિન્દુમાં હોવાનું ભૂલી જાય છે. પાંચમું તત્ત્વ એ છે કે સડક દુર્ઘટના થયા પછી ટાઈમસર ઘાયલ લોકોને સારવાર મળે એ કાળજી કોઈપણ લેતું નથી ! દિલ્હી-મુંબઈ જેવા શહેરોમાં લોકો નજર ફેરવીને તરફડતા ઘાયલ વ્યક્તિને કોઈ પ્રકારે મદદ કરતા જ નથી. આમ, સમયસરની સારવારના અભાવે પણ સડક દુર્ઘટના કાતિલ બની રહી છે. આ પ્રકારના માહોલમાં દંડની રકમ ઊંચી કરવાથી કે જેલની સજા વધારવાથી કેટલો ફરક પડશે ? એ પ્રશ્ન મુખ્ય છે. નાનાં વાહનો, જીપો કે જે મુસાફરોને રોજ લાવે, લઈ જાય છે તે પ્રકારનાં વાહનચાલકોને માલિકો ફેરા કરવાનો ટાર્ગેટ પૂરો કરાવે છે. એટલે ઝડપમાંથી મોત પ્રગટે છે એ કડવું સત્ય છે ! વાહનોની કાળજી લઈ સમયાંતરે ઠીકઠાક રાખનારા ઘટી રહ્યા છે તો બીજી તરફ સીમાવર્તી રાજ્યો નજીકના રાજ્યોમાં રોજ નશાકારક દવ્યો, માદક દવ્યો ઠાલવતા જ રહે છે. જેથી બહુધા લોકો ચ્હા-કૉફીના વર્તુળમાંથી નશાના કુંડાળામાં પ્રવેશતા જાય છે !

પ્રજાના તમામ વર્ગ અને પ્રત્યેક વ્યક્તિ જાગૃત થાય નહીં ત્યાં સુધી માર્ગ દુર્ઘટનાઓ મૃત્યુની ભેટ આપતી જ રહેશે. મરવા કરતાં મોડા પડવામાં કોઈ વાંધો નહીં એટલું યાદ રાખીએ તો અમૂલ્ય જીવનને બચાવી શકાય. જાગતા છીએ છતાં જાગૃતિ નથી એટલે પ્રશ્નો નડે છે. કાનૂનને માન આપવું એ દરેકની ફરજ છે માટે હવે જાગવું પડશે સુખ-શાંતિ માટે.

રોજ રસ્તામાં મળી વાતો કરી છૂટી પડી, જિંદગી ક્યારેય મારા ઘર સુધી આવી નહીં.

(કિસન સોસા)